# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અંસારીના પૂતળાનું દહન કરવામાં આવ્યું




તાજેતરમાં દિલ્હી ખાતે પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ હામિદ અંસારીએ દેશના ભાગલા માટે માત્ર પાકિસ્તાન જ નહી ભારત અને સરદાર વલ્લભભાઈ પટેલને પણ જવાબદાર ઠેરવતા નિવેદન આપ્યું છે. જેને પગલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. વીએચપી અને બજરંગદળના કાર્યકરોએ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સાંજના સુમારે પુતળા દહનનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં શહેરના વીએચપી અને બજરંગ દળના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# સે-૨૧ જીમખાનાના સ્વીમીંગ પુલમાં ડહોળું પાણી

## સ્વીમીંગ પુલની લાંબા સમયથી સફાઈ થઈ નથી યોગ્ય તપાસના અંતે પગલાં લેવાય તેવી માગ

ગાંધીનગર તા ૨૯

શહેરમાં સે-૧૯ જીમખાનાના રીનોવેશન માટે કાર્યયોજના તૈયાર થઈ રહી છે. જયારે નવા સ્વીમીંગ પુલનુ કામ પણ હાથ ધરાયુ છે. ત્યારે સે-૨૧ ના જીમખાનામાં સ્થિત સ્વીમીંગ પુલમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. છેલ્લા ઘણાં સમયથી સ્વીમીંગ પુલમાં પાણી ડહોળાયેલુ હોવાનો કકળાટ પણ મુલાકાતીઓ કરી રહ્યા છે. જેના લીધે સ્વીમીંગ પુલની સફાઇ સામે પણ અનેક સવાલો મંડરાયા છે.

શહેરમાં સે-૧૯ સ્થિત જીમખાનાના રીનોવેશ માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઇ છે. જયારે નવા સ્વીમીંગ પુલનુ પણ કામ હાથ ધરાયુ છે. ગાંધીનગરમાં પ્રથમવાર બાળકો માટે અલાયદા પુલનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જયારે જીમખાનામાં નવી સ્કેટીંગ રીંગ તેમજ હોલ પણ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય જરૂરી સુવિધાઓ પણ ઉભી કરવા માટે આયોજન કરાયુ છે. પરંતુ સે-૨૧ જીમખાનામાં સ્વીંમીંગ પુલને અનુલક્ષીને મુલાકાતીઓમાં રોષ પ્રવર્તાયો છે. સ્વીમીંગ પુલની યોગ્ય સફાઇ ન થતી હોવાનો ગણગણાટ પ્રવર્તાયો છે. જીમખાના સ્વીમીંગ પુલમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. અલબત્ત સ્વીમીંગ પુલમાં ડહોળાયેલુ પાણી હોવાનો રોષ પણ વ્યકત કરવામાં આવી રહ્યો છે જેના લીધે મુલાકાતીઓ અને સભ્યો પણ સવાલો ઉઠાવી રહ્યા છે. જો કે ગત ખેલમહાકુંભના અંતે સ્વીમીંગ પુલની યોગ્ય સફાઇ પણ થઇ ન હોવાનુ મનાઇ રહ્યુ છે. આવા સંજોગોમાં આમ નાગરિકો માટે આરોગ્ય લક્ષી સમસ્યાઓ પણ ઉઠવા પામે તેવી દહેશત પ્રબળ બની છે. ત્યારે આ મામલે યોગ્ય તપાસના અંતે પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારી કુંડળી પ્રમાણે તારે તારી પત્ની સાથે ઝઘડા તો થવાના જ.... એના માટે એક ઉપાય છે... ઘરમાં એક નાનું સ્ટેચ્યુ ઓફ યુનિટી લાવીને મૂકી રાખ...

# દહેગામના ચાર બુટલેગર પાસા હેઠળ સળિયા પાછળ



## જૂન મહિનામાં પોલીસે પાડેલા દરોડા દરમિયાન ૩૧ લાખના દારૂ-બિયરનો જથ્થો આરોપીઓ પાસેથી મળ્યો હતો

ગાંધીનગર, તા. ૨૯

દહેગામ પોલીસ સ્ટેશનની હદમાં ૯ જૂને દરોડો પાડી પોલીસે ૩૧ લાખની કિંમતનો દારૂ બિયર સહિતના મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં પાલૈયા ગામના ચાર બુટલેગરોના નામ ખુલ્યા હતા. ધર્મેન્દ્ર રામા પટેલ, ભદ્રેશ અશોક પટેલ, મેહુલ મુકેશ પટેલ અને દિલીપ રમણ સોલંકી મળીને ચારેય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક મયુર સિંહ ચાવડા ઉપરોક્ત તમામ ચાર બુટલેગરો સામે પ્રિવેન્શન અગેઈન્સ્ટ એન્ટી સોશિયલ એક્ટિવિટી(પાસા) ની દરખાસ્ત કરવા એલ.સી.બી.ને સૂચના આપી હતી. એલ.સી.બી પી.આઈ તરલ ભટ્ટની સૂચનાથી એ.એસ.આઈ કાંતિભાઈ તથા હેડ કોન્સ્ટેબલ વિરભદ્રસિંહે ચારેય સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી ને જિલ્લા મેજિસ્ટ્રેટ એસ. કે. લાંગાએ તરફ દરખાસ્ત મોકલી આપી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટે ચારેય બુટલેગરો સામે પાસા અટકાયતી હુકમ ઈસ્યુ કરતા એલસીબીની ટીમે ગઈકાલે પાસા અટકાયતિ હુકમોની બજવણી કરી હતી અને તમામ ચારે બુટલેગરોને વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર ખાતે અલગ-અલગ જેલમાં યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ મોકલી દીધા હતા.

# ચરેડી છાપરામાં હાથફેરો કરનાર ઘરફોડીયો ઝડપાયો



ગાંધીનગર, તા. ૨૯

રૂપાલ પલ્લી મેળામાં રમકડાની દુકાન ખોલીને બેઠેલા અને ચરેડી છાપરા ખાતે રહેતા ખૂબ નાના વેપારીના બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ અંદરથી સોના-ચાંદીના દાગીના અને રોકડની ઉઠાંતરી કરી લીધી હતી. તસ્કરોએ બે છાપરાઓને ટાર્ગેટ બનાવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી દરમિયાન એલસીબીની ટીમે છાપરામાં હાથફેરો કરનાર ઘરફોડીયા સૂત્રધારને દબોચી લીધો છે. ચરેડી ખાતે રહેતા સૂત્રધારે તેના મિત્ર સાથે મળીને આ ઘરફોડ ચોરીઓ કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરીને તેની પાસેથી કેટલોક મુદ્દામાલ પણ જપ્ત કરી દીધો છે. ચોરેલા માલના બંને સાગરીતોએ એકબીજા વચ્ચે ભાગ પાડી લીધા હોવાથી બીજો આરોપી પકડાઈ ત્યારે બીજો મુદ્દામાલ મળે તેવી શક્યતા છે.

સેક્ટર-૨૮ ખાતે ચરેડી છાપરામાં રહેતા બે શ્રમજીવીઓના છાપરામાં ઘરફોડ ચોરી થવા પામી હતી. પલ્લી મેળાની રાત્રે દરમિયાન થયેલી આ બંને ઘરફોડ ચોરીમાં ૮૨ હજાર રૂપિયાનો મુદ્દામાલ ચોરી થવા પામ્યો હતો. આ મામલે બે દિવસ અગાઉ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયો હતો. ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમ આ ગુનાની તપાસ કરી રહી હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ સુરેશકુમારને મળેલી માહિતીને આધારે ચરેડી છાપરા ખાતે પાણીની ટાંકી પાસે રહેતા સન્ની સુભાષ દંતાણી નામના શખ્સને રીક્ષા સાથે સેક્ટર-૨૪ માંથી પકડી પાડયો હતો. તેની પાસેથી રોકડ રૂપિયા ૧૨,૦૦૦ અને સોના-ચાંદીના દાગીના મળી ત્રીસ હજારની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ ચરેડી ખાતે થયેલી ચોરીમાં ગયેલ હતો. તેની રીક્ષામાંથી એક ખાતરયુ પણ મળી આવ્યું હતું. આ ખાતરિયાથી તેણે તેના એક મિત્ર સાથે મળીને ચરેડીમાં ઘરફોડ ચોરી કરી હોવાનું કબૂલ્યું છે. કોબા ખાતે રહેતા તેના મિત્ર રવિ દલસુખ દંતાણીનુ પણ નામ ખૂલ્યું છે. બંને શખ્સોએ મળીને કરેલી ઘરફોડ ચોરી બાદ મળી આવેલા મુદ્દામાલને એકબીજા વચ્ચે સરખે ભાગે વહેંચી દીધા હતા. બીજો આરોપી પકડાયા બાદ તેની પાસેથી વધુ મુદ્દામાલ મળે તેવી શક્યતા છે. એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરી સેક્ટર-૨૧ પોલીસને આપવા કવાયત શરૂ કરી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

રાજ્ય સરકારની ખેડૂતોને દિવાળી ભેટ



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

રૂ.૧૦૦૦ પ્રતિ મણના ટેકાના ભાવે ૧૨૨ એપીએમસી કેન્દ્રો પરથી સરકાર મગફળીની ખરીદી કરશે

તારીખ : ૧૫ નવેમ્બર, ૨૦૧૮ થી

સરકાર દ્વારા મગફળીની ખરીદીનો શુભારંભ

ઓનલાઈન નોંધણી ફરજીયાત
તા.૧ નવેમ્બર થી ૩૦ નવેમ્બર, ૨૦૧૮

નોંધણી માટે જરૂરી દસ્તાવેજો :

- ખેડૂતની આધારકાર્ડની નકલ
- ૭/૧૨ તથા ૮/અના ઉતારા (વાવેતરની નોંધ સાથે) અથવા વાવેતર અંગે તલાટીનો દાખલો અને બેંક ખાતાની વિગત

સરકારશ્રીનો મગફળીનો ટેકાનો ભાવ રૂ.૧૦૦૦ પ્રતિ મણ

રાજ્યભરમાં મગફળી પકવતા વિસ્તારોના ૧૨૨ APMC કેન્દ્ર પર ફેર એવરેજ ક્વોલીટી વાળા પાકની ખરીદી

સીધી ખેડૂતોના બેન્ક ખાતામાં ચુકવણી

ખરીદી ગુજરાત સરકારના નાગરિક પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવશે.

ખેડૂતો મગફળી વેચવા માટે ઓનલાઈન નોંધણી કરાવવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની જિલ્લા કચેરી અથવા નિગમના સ્થાનિક તાલુકા, ગોડાઉન કેન્દ્રનો સંપર્ક કરે તેવી વિનંતી

હેલ્પ લાઈન નં. : ૮૫ ૧૧ ૧૭ ૧૭ ૧૮, ૮૫ ૧૧ ૧૭ ૧૭ ૧૯
ફોન, SMS એસએમએસ, વોટ્સએપ દ્વારા સંપર્ક કરી શકાશે.

"ખેડૂતોના હિતોની જાળવણી માટે ગુજરાત સરકાર હંમેશા કાર્યરત છે અને રહેશે..."
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગ, ગુજરાત સરકાર